**पु·ना International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| SUMMATIVE ASSESSMENT- I [2021 –22] | | | | | |
|---|---|---|---|---|---|
| **Student's Name:** | | **Grade** | **VI** | **Roll No.** | |
| **Date:** | | **Subject** | **GUJARATI** | | |
| **Teacher's Sign.** | | | **Total marks** | | **80** |

## [ READING SECTION]વાંચનકાર્ય

### પ્ર- 1 (અ) નીચેનોફકરોવાંચીતેનાંપ્રશ્નોનાંજવાબલખો. **[10-MARKS]**

**1)** લીમડો આપણને ઘણો ઉપયોગી છે. લીમડાની ઘટાદાર છાયામાં બેસવાથી આપણને ઠંડક મળે છે. તે વટેમાર્ગુઓ અને પશુ પક્ષીનું આશ્રય સ્થાન છે. લીમડાનું દાતણ દાંત અને શરીર માટે ઉત્તમ છે. લીમડાના લીલા પાન પાણીમાં ઉકાળી, તે પાણી વડે સ્નાન કરવાથી ચામડીના રોગો થતાં નથી. ઘરમાં લીમડાનાં પાનનો ધુમાડો કરવાથી મચ્છરો ભાગી જાય છે. લીમડાના ફળને 'લીંબોળી' કહે છે. તેનું તેલ સાબુ બનાવવા માટે વપરાય છે.

પ્રશ્નો **1)** આ ફકરામાં ક્યાં વૃક્ષની વાત કરવામાં આવી છે?

**2)** લીમડાની ઘટાદાર છાયામાં બેસવાથી આપણને શું મળે છે?

**3)** લીમડાનુ દાંતણ કોના માટે ઉત્તમ છે?

**4)** શું કરવાથી ચામડીના રોગો થતાં નથી?

**5)** લીમડાના ફળને શું કહેવાય છે?

### પ્ર- 1 (બ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. **[10-MARKS]**

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
લગન ઊકલી ગયાં.
મા હવે,
ઘરની ચીજ વસ્તુઓ ગણે છે.
સંભારી સંભારી મેળવે છે.
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી , વાટકા, ગ્લાસ, ડીશ,

બધું બરાબર છે.

ક્યાંય કશુય ખોવાયું નથી,

કશુંય ગયું નથી પણ

અચાનક કઇક યાદ આવતાં

એ ઓરડા વચ્ચે

ઉભી રહી જાય છે,

આંખોમાથી ટપકું ટપકું થાય છે.

ખારો ખારો પ્રશ્ન :

'મારી દીકરી ક્યાં?'

પ્રશ્નો : 1) ઉજાગરાનો અંત ક્યારે આવ્યો ?

2) મા કઇ વસ્તુઓ મેળવે છે ?

3) મા ઓરડા વચ્ચે શા માટે ઊભી રહી જાય છે ?

4) ઘરમાં કોણ નથી ?

5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

## [WRITING SECTION ] લેખનકાર્ય

### પ્ર-2(અ) નીચેના વિશે નિબંધ લખો.(કોઈ પણ એક) [10-MARKS]

1) મહેનતનું મહત્વ 2) મારી પ્રિય ઋતુ

### પ્ર-2(બ) નીચેનામુદ્દા પરથી વાર્તા લખો. [10-MARKS]

1) અક્બરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી - બોધ.

## [GRAMMAR SECTION]વ્યાકરણ

પ્ર- 3કૌસમાં આપેલાં શબ્દો વડે ખાલી જગ્યા પૂરો. [3-MARKS]

( દર, માળો , વાડો , ઘર )

1) ઉંદરનું રહેઠાણ

2) પંખી ઝાડ પર રહેવા બાંધે છે તે

3 )માણસનું રહેઠાણ

પ્ર- 4 નીચેના શબ્દો પરથી વાક્યો બનાવો. [3-MARKS]

1) ઠંડી

2) રાજા

3) સૂરજ

પ્ર-5નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો. [2-MARKS]

1) ટમેટું ,બકરી,કૂતરો, તડકો ,ઈશારો,વાતચીત.

પ્ર-6 નીચેના સમાનાર્થી શબ્દો લખો. [3-MARKS]

1) પરિવાર

2) આંખ

3) પાન

પ્ર-7નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો. [3-MARKS]

1) શાંતિ

2) ચતુર

3) નાનો

પ્ર-8નીચેના શબ્દ સમુહ માટે એક શબ્દ આપો. [3-MARKS]

1) ઉનાળાની સખત ગરમ હવા

2) કલાનું સર્જન કરનાર

3) ત્રણ આંખવાળુ

## પ્ર-9 કેવો, કેવી, કેવું શબ્દ લખો. **[3-MARKS]**

1) ચાંદો
2) નારિયેળ
3) કેરી

**[ LITRATURESECTION]** સાહિત્ય

## પ્ર-10 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. **[10-MARKS]**

1) મરઘલડાને માંજર હોય તો મોરને શું હોય છે?
2) મોહન કેવી મૂર્તિઓ બનાવતો હતો?
3) ટમેટું ખુશ કેમ થયુ?
4) શેખ અબ્દુલ્લાં હજ કરવા શા માટે ના જઈ શક્યા?
5) લાખો વાણિયા પાસે શા માટે ગયો?
6) ડાઘાસર ક્યાં આવેલું છે?
7) સવારે આવીને સાંજે કોણ સંતાઈ જાય છે?
8) મોં ના હોવા છતા કોણ અવાજ કરે છે?
9) ઝુમખડું કયા રંગનુ છે?
10) ચંદ્ર અને સૂરજમાં શુ ફેર છે?

## પ્ર-11 નીચેના પ્રશ્નોનાં જવાબ સવિસ્તાર લખો. **[10-MARKS]**

1) વૃધ્ધ થતા મોહને શું વિચાર્યુ?
2) ઉખાણાંને ઉકેલવાથી શું થાય છે?
3) યમરાજે દૂતને શું કહ્યું હતુ?
4) લાખાએ ડાઘિયાને વાણિયાને ત્યાં શા માટે મૂક્યો?
5) મોહન કેવી રીતે પકડાઈ ગયો?